# રસ દર્શન : 'તત્વમસિ' લઘુનવલકથા – લેખક : ધ્રુવભટ્ટ

પ્રિયંકા ખરાડી
પી.એચ.ડી., સંશોધન વિદ્યાર્થીની,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સિટી, પાટણ.

પ્રશિષ્ટ કૃતિ અને મને ગમતી કૃતિની જ્યારે વાત કરવાની થાય ત્યારે ગુજરાતી નવલકથાઓમાં મારા લિસ્ટમાં સૌ પ્રથમ ધ્રુવભટ્ટ લેખિત 'તત્વમસિ' નવલકથાનું આવે. લેખક ધ્રુવભટ્ટ કૃત 'તત્વમસિ' નવલકથા મેં જ્યારે પહેલીવાર વાંચી ત્યારે સીધી જ હૃદય સોંસરવી ઉતરી ગઈ. આ કૃતિ મણે એટલી બધી ગમી કે મારા એમ.ફિલના વિષયમાં પણ તેનો સમાવેશ કર્યો. આ કૃતિ પરથી ગુજરાતી ફિલ્મ 'રેવા' બની છે. એ ફિલ્મ પણ કૃતિની જેમ દેશ – વિદેશમાં ખ્યાતી પામી અને તેન બેસ્ટ ગુજરાતી ફિલ્મનો એવોર્ડ પણ મળેલ છે. આ કૃતિ વાંચતા હોઈએ ત્યારે જાણે આપણે આ કૃતિના નાયક સાથે – સાથે નર્મદાના કિનારે – કિનારે આદિવાસીઓની સાથે – સાથે મોટા જંગલોમાં ફરતા હોઈએ તેવું લાગે છે. અદભૂત રચના છે આ કૃતિની.

લેખક એ છે જે વાચકને આ દુનિયાથી દૂર કરીને કોઈ બીજી જ દુનિયામાં લઈ જાય છે. રોજિંદા કામોથી કંઈક એવો પ્રદેશ જ્યાં વાચકે વારંવાર જવાનું મન થાય છે. પાછા આવવાનું થતું નથી. જાણે થાય કે ત્યાં જ રહી જઈએ અને જ્યારે વાચકને આવું થાય ત્યારે લેખકનું સર્જનકાર્ય સફળ થયેલું ગણાય. આવું જ આપણા ગુજરાતી સાહિત્યકાર લેખક ધ્રુવભટ્ટ ની લઘુનવલકથા 'તત્વમસિ' વિશે આપણે કહી શકીએ. જેમાં એકવાર ડૂબકી માર્યા પછી પાછા આવવાનું મન થતું નથી. તેમાં જ સફર કરતા રહીએ તેવું લાગે છે. આમ, આટલી હદ સુધી આ લઘુનવલકથા વાચકને પકડી રાખે છે.

'તત્વમસિ' લઘુનવલકથાની ૨૦૧૮ની આવૃત્તિ હમણાં જ આવી. એમાં તેના પાછળના પૃષ્ઠ પર એક શ્લોક લખ્યો છે. જેનો અર્થ થાય છે, 'જેના (આત્મા) વડે ન સાંભળેલું સાભળ્યું. ન સમજાયેલું સમજાયું અને જે જાણતા ન હતા તે જણાયું. આ સંપૂર્ણ બ્રહ્માંડ પરમાત્મામય છે તે સત્ય છે તે આત્મ સ્વરૂપ જ તું છે."
'તત્વમસિ' લઘુનવલકથાની શરૂઆત "લે ખાઈ લે" અને અંત "આપી દે"થી થાય છે.

આ બંને શબ્દોની વચ્ચે આ આખી નવલકથાનું સર્જન થાય છે. ભારતની પુણ્યશાળી, પાપોને દૂર કરતી નદી ગણાતી 'માં નર્મદા' નદીની વાત કરવામાં આવી છે. જેનું બીજું નામ 'રેવા' છે. નવલકથામાં નર્મદા સ્વયં એક પાત્ર થઈને અહી જાય છે. વનવાસીઓની સામાન્ય કહેવાતી વાતોમાં પડઘાય છે. ભારતીય સંસ્કૃતિનો અમર જય ઘોષ. અહીં વાર્તા નાયકને કોઈ નામ નથી આપવામાં આવ્યું. તે આજના યુવા માનસનું પ્રતિક છે. તેની ડાયરીના થોડા અંશ નવલકથા સ્વરૂપે આલેખયા છે. કથા નાયક મૂળ ભારતીય છે. વર્ષોથી અમેરિકા રહે છે. નાયક અઢાર વર્ષે આ દેશમાં પાછો ફરે છે. તેના મનમાં વતન પ્રત્યેની ખાસ લાગણી આ સમયે જોઈ શકતી નથી. પ્રોફેસર રૂડોલ્ફે આદિવાસી સંસ્કૃતિન અભ્યાસ માટે નાયકનું નામ સૂચવ્યું હતું એટલે કમને ભારત આવવા નાયક તૈયાર થાય છે. તે પહેલા તો ઘણીવાર ના પાડે છે. નાયક તુષારને આ પ્રોજેક્ટ આપવા પ્રોફેસર રૂડોલ્ફને જણાવે છે પરંતુ પ્રોફેસર ના પાડે છે અને નાયકને જ ભારત જવા કહે છે. કહે છે કે, ત્યાં સુપ્રિયા ભારતીય નામની મહિલા "આદિવાસી કલ્યાણ કેન્દ્ર" ચલાવે છે. નાયક વિચારે છે કે હશે કોઈ ખાદીથી લદાયેલી, સાઠ – પાંસઠ ચશ્માધારિણી, સ્વયંસેવકોથી વીટળાઈને ગાંધીબાપુને નામે ભાષણ આપતી હતી.

'તત્વમસિ' લઘુનવલકથામાં ખૂબ જ સુંદર હૃદયને સ્પર્શી જાય તેવા વાક્યો તેના પાત્રો દ્વારા લેખકે બોલાવ્યા છે. થોડા ઉદાહરણો જોઈએ તો...

એક જ જગ્યાએ નાયક સુપરિયા કહે છે કે મારે પુણ્ય કમાવું નથી. તમારે પુણ્ય કમાવું હોય તો કમાઓ. ત્યારે સુપરિયા કંઈક અલગ જ જવાબ આપે છે. તે કહે છે કે "સુપ્રિયા કે બીજા કોઈ જે આ સેવા કરે છે, તે પરિક્રમવાસી માણસને સાચવવા નથી કરતા. પરિક્રમને સાચવવા કરે છે. હજારો વર્ષોથી ચાલી આવતી એક પરંપરાને જાળવવામાં મારાથી બનતું બધું જ હું કરીશ." (પૃ.૧૦૮)

અહીં પરંપરાને બચાવવા માટે બધા જ પ્રયત્નો કરી છૂટવાની વાત સુપ્રિયા કરે છે. નર્મદાને કિનારે વસેલા ગામડાઓ, મંદિરો, દાનવીરો અને ભોળા અબુધ આદિવાસીઓ આ પરિક્રમાવાસીઓને સાચવે છે. પરંપરાને સાચવવા માટે પરિક્રમાવાસીઓની થાય છે. અહીં નર્મદા મૈયાની પરિક્રમા અને પરંપરાનું ખુબ જ મોટું મહત્વ દર્શાવવામાં આવ્યું છે.
પ્રોફેસર રૂડોલ્ફ સંસ્કૃતિ વિશે જણાવતા કહે છે કે આ દેશ વર્ષોથી સંસ્કૃતિ ધરાવે છે. પરંપરા ધરાવે છે. પોતાનું આગવું અસ્તિત્વ ટકાવી રાખે છે અને જ્યારે આમાં ઝડપથી પરિવર્તન આવશે તો આ સંસ્કૃતિનો લોપ થશે. એમને આખા વિશ્વની સંસ્કૃતિની ચિંતા છે. આથી દેશના યુવાનોને સંબોધીને તેઓ કહે છે કે સંસ્કૃતિને બચાવવાનું કામ યુવાનો જ કરી શકે છે. આમ, અહીં સંસ્કૃતિનું ખૂબ જ મોટું મહત્વ તેમણે સમજાવ્યું છે.

લ્યુસીનું એક વાક્ય છે કે નદી ક્યારેય દર્શન આપે ? ત્યારે ગંડું ફકીર લ્યુસીને કહે છે કે. "જિસે તુમ બે જાન સમજતે હો વે સબ હમસે કઈ જ્યાદા જીંદા હૈ."(પૃ.૧૮૯). અહીં પણ પ્રકૃતિની વાત થઈ છે.

શાસ્ત્રીજી પીપળાનું ઉદાહરણ આપતા લ્યુસીને સમજાવે છે કે અહીં વૈજ્ઞાનિક કારણો ઝડપથી સમજતા ન હોવાથી તેને ધાર્મિક રીતે સમજાવવાની કોશિશ કરવી પડે છે." આવી પરંપરાઓ માનવી અને પ્રકૃતિ એકબીજાના જીવનક્રમમાં વિક્ષેપરૂપ બન્યા સિવાય યથાવત ટકી રહે તે માટે સર્જાઈ છે."(પૃ.૧૯૬). અહીં પણ પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચેનો ગાઢ સંબંધ સમજાવવામાં આવ્યો છે. આમ, 'તત્વમસિ' લઘુનવલકથા ખરેખર હૃદયને સ્પર્શી જાય તેવી કૃતિ છે.

**સંદર્ભ ગ્રંથ**

૧. 'તત્વમસિ' પ્રકાશન : ગુર્જર પ્રકાશન, અમદાવાદ.